# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-11-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : WEDNESDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર નિકિતા શાહ વાંચે છે.**

***************************************************

1) દેશમાં આજે બંધારણ દિવસની ઉજવણી આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં આજે કરમસદથી રાષ્ટ્રીય એકતા પદયાત્રાનો પ્રારંભ થશે
2) પ્રધાનમંત્રી મોદી હૈદરાબાદમાં સફરાન એરક્રાફ્ટ એન્જિન સર્વિસીસ ઇન્ડિયા સુવિધાનું ઉદ્ઘાટન કરશે
3) ભારતે અરુણાચલ પ્રદેશને પોતાનો અભિન્ન ભાગ ગણાવ્યો , ચીનની અટકાયતનો સખ્ત વિરોધ કર્યો
4) ભારત આજે યુરેશિયન આર્થિક સંઘ સાથે મુક્ત વેપાર કરાર માટે ઔપચારિક વાટાઘાટો શરૂ કરશે.
5) સૈયદ મુસ્તાક અલી ટ્રોફીનો આજથી પ્રારંભ થશે.

***************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# CONSTITUTION DAY

દેશ આજે બંધારણ દિવસની ઉજવણી કરી રહ્યો છે. આ વર્ષની ઉજવણીનો વિષય છે - "આપણું બંધારણ - આપણું આત્મસન્માન". મુખ્ય સમારોહ નવી દિલ્હીના બંધારણ ખંડના સેન્ટ્રલ હોલમાં યોજાશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ , ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી , લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા , કેન્દ્રીય મંત્રીઓ અને સાંસદો આ કાર્યક્રમમાં હાજરી આપશે. આજે બંધારણ અપનાવવાની 76મી વર્ષગાંઠ છે.

આજે બંધારણ દિવસ પર , દેશભરમાં લોકો , બંધારણની પ્રસ્તાવના વાંચશે. રાષ્ટ્રપતિ પ્રસ્તાવના વાંચનનું નેતૃત્વ કરશે. બંધારણ દિવસ નિમિતે , બધા કેન્દ્રીય મંત્રાલયો, વિભાગો, રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ સરકારો અને સ્થાનિક સંસ્થાઓ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરશે.

પ્રસ્તુત છે એક અહેવાલ

**(V/C - DIPENDRA)**

. . . . . . . . . . . . . . . . . .

# REV. GUJARAT-PADATRA

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે આજે સરદાર વલ્લભભાઈ પટેલના જન્મસ્થળ ગુજરાતના કરમસદથી રાષ્ટ્રીય પદયાત્રા શરૂ થશે.

૧૧ દિવસની આ પદયાત્રા ૬ ડિસેમ્બરે કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સંપન્ન્ થશે , જે આશરે ૧૯૦ કિલોમીટરનું અંતર કાપશે. આ પદયાત્રા સરદાર વલ્લભભાઈ પટેલના સન્માનમાં એક રાષ્ટ્રવ્યાપી પહેલ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આણંદના વલ્લભ વિદ્યાનગર ખાતે પદયાત્રાના ઉદ્ઘાટનમાં વર્ચ્યુઅલી ભાગ લેશે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રીઓ મનસુખ માંડવિયા અને નિમુબેન બાંભણિયા પણ ઉદ્ઘાટન સમારોહમાં હાજરી આપશે.

સાંભળીએ અમારા સંવાદતાનો  અહેવાલ

(વોઈસ કાસ્ટ -APARNA KHUNT)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM-SAESI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે હૈદરાબાદના GMR એરોસ્પેસ અને ઇન્ડસ્ટ્રીયલ પાર્ક ખાતે સફ્રાન એરક્રાફ્ટ એન્જિન સર્વિસીસ ઇન્ડિયા-સુવિધાનું વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા ઉદ્ઘાટન કરશે.

પ્રધાનમંત્રી કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ સુવિધા અત્યાધુનિક એવિએશન પ્રોપલ્શન એન્જિન માટે સફ્રાનની સમર્પિત જાળવણી , સમારકામ અને ઓવરહોલ-MRO સુવિધા છે. આ સુવિધા સાથે , પ્રથમ વખત, કોઈ વૈશ્વિક એન્જિન ઉત્પાદક ભારતમાં MRO કામગીરી સ્થાપિત કરશે. આ MRO સુવિધા ઉડ્ડયન ક્ષેત્રમાં આત્મનિર્ભરતાના ધ્યેય તરફ એક મોટું પગલું હશે. MROમાં સ્વદેશી ક્ષમતાઓ વિકસાવવાથી, વિદેશી વિનિમયનો પ્રવાહ ઓછો થશે , ઉચ્ચ-મૂલ્યની નોકરીઓનું સર્જન થશે, સપ્લાય-ચેઇન સ્થિતિસ્થાપકતા મજબૂત બનશે અને તે ભારતને વૈશ્વિક ઉડ્ડયન કેન્દ્ર તરીકે સ્થાપિત કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MINISTRY OF EXTERNAL AFFAIRS

નવી દિલ્હીએ જણાવ્યું છે કે અરુણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ છે, અને ચીનના ઇનકારથી આ સત્ય બદલાશે નહીં-ચીનના વિદેશ મંત્રાલયના નિવેદનો અંગે મીડિયાના પ્રશ્નોના જવાબમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ મુજબ જણાવ્યુ.

શ્રી જયસ્વાલે કહ્યું કે અરુણાચલ પ્રદેશના એક ભારતીય નાગરિકની અટકાયતનો મુદ્દો ચીની પક્ષ સમક્ષ મજબૂતીથી ઉઠાવવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું કે ભારતીય નાગરિક પાસે માન્ય પાસપોર્ટ હતો અને તે શાંઘાઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી જાપાન જઈ રહ્યો હતો. શ્રી જયસ્વાલે જણાવ્યું કે ચીનના અધિકારીઓએ આ અંગે હજુ સુધી કોઈ ખુલાસો કર્યો નથી , જે આંતરરાષ્ટ્રીય હવાઈ મુસાફરીના નિયમોનું ઉલ્લંઘન છે. તેમણે વધુમાં કહ્યું કે ચીનના અધિકારીઓનું આ પગલું તેમના પોતાના નિયમોનું પણ ઉલ્લંઘન કરે છે, જે તમામ દેશોના નાગરિકોને 24 કલાક સુધી વિઝા વિના મુસાફરી કરવાની મંજૂરી આપે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# INDIA-FTA

ભારત આજે રશિયાના નેતૃત્વ હેઠળના યુરેશિયન આર્થિક સંઘ સાથે મુક્ત વેપાર કરાર માટે ઔપચારિક વાટાઘાટો શરૂ કરશે.

વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે જાહેરાત કરી છે કે રશિયા , આર્મેનિયા, બેલારુસ, કઝાકિસ્તાન અને કિર્ગિસ્તાન સહિત પાંચ સભ્યોના યુરેશિયન આર્થિક સંઘ જૂથ સાથે મુક્ત વેપાર કરાર ( FTA) પર ચર્ચા , 20 ઓગસ્ટ , 2025 સંદર્ભની શરતો પર હસ્તાક્ષર કર્યા પછી નવી દિલ્હીમાં શરૂ થશે. આ શરતો ભારતીય વ્યવસાયો માટે નવા બજારો ખોલવા પર કેન્દ્રિત 18 મહિનાના રોડમેપની રૂપરેખા આપે છે. આ પહેલ મહત્વપૂર્ણ છે કારણ કે ભારત અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ઊંચા ટેરિફ વચ્ચે તેના નિકાસ સ્થળોનું વૈવિધ્યીકરણ કરવા ઈચ્છે છે. યુરેશિયન આર્થિક સંઘ વાટાઘાટો ઉપરાંત, ભારત અન્ય ઘણી વેપાર ભાગીદારી પર પણ કામ કરી રહ્યું છે. ભારત , લેટિન અમેરિકન ટ્રેડિંગ બ્લોક , મર્કોસુર સાથે પ્રેફરન્શિયલ ટ્રેડ એગ્રીમેન્ટના બીજા તબક્કા માટે પણ વાટાઘાટો કરી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# LABOUR CODE

કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં લાગુ કરાયેલી નવી ચાર શ્રમ સંહિતાને દેશભરમાં વ્યાપક આવકાર મળી રહ્યો છે. આ નવા કાયદાઓને મુંદ્રા બંદર પર કાર્યરત શ્રમિકો પણ આવકારી રહ્યાં છે. તેમજ આ નવા કાયદાને કારણે તેમને ફાયદો થશે તેમ જણાવી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કર્યો.

(બાઇટ - કામદાર, મુંદ્રા બંદર)

. . . . . . . . . .

# SYED MUSHTAQ ALI TROPHY

સૈયદ મુશ્તાક અલી ટ્રોફી , આજથી શરૂ થશે.પુણેના ડેક્કન જીમખાના ગ્રાઉન્ડ ખાતે સવારે 9 વાગ્યે મિઝોરમ અને નાગાલેન્ડ વચ્ચે ઓપનિંગ T-20 મેચ રમાશે. આ ટુર્નામેન્ટમાં 38 ટીમો ભાગ લેશે. આ ટુર્નામેન્ટમાં આંતરરાષ્ટ્રીય અને IPL સ્તરના કેટલાક સ્ટાર ખેલાડીઓ પણ ભાગ લેશે. મુંબઈનું નેતૃત્વ શાર્દુલ ઠાકુર કરશે. મોહમ્મદ શમી બંગાળ માટે રમશે, જ્યારે સંજુ સેમસન કેરળના કેપ્ટન બનશે. 14 વર્ષીય વૈભવ સૂર્યવંશી બિહારનો ઉપ-કેપ્ટન રહેશે. ફાઇનલ 18 ડિસેમ્બરે ઇન્દોરમાં રમાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભૂંડિયા

- આજના અખબારોમાં અયોધ્યામાં ધર્મ ધજા આરોહણ અંગેના સમાચારને પ્રથમ પાને સ્થાન આપવામાં આવ્યું છે.
- દિવ્ય ભાસ્કર લખે છે કે , રામ મંદિર, ધર્મ ધજા સાથે પૂર્ણાહુતિ. સંદેશે લખ્યું છે કે, માનસિક ગુલામીમાંથી મુક્ત થવાનું લક્ષ્ય : મોદી. તો ફૂલછાબ લખે છે કે , અયોધ્યામાં ધર્મધ્વજા આરોહણ , 'સદીઓથી લાગેલા ઘા હવે રુઝાયા '. અને નવગુજરાત સમયે, સદીઓ જૂના ઘા રુઝાઈ રહ્યા છે: વડાપ્રધાન મોદી.
- ગુજરાત સમચારે , ઇથોપિયામાં જ્વાળામુખી ફાટ્યો : દિલ્હી રાખથી છવાયું ના સમાચારને પહેલા પાને છાપ્યા છે.
- અન્ય સમાચારોમાં અમેરિકાની શાંતિ સમજૂતીની વાતો વચ્ચે રશિયાનો યુક્રેન પર હુમલો: 6 ના મોત, સર્વધર્મનું સન્માન ન કરનાર સૈન્યને લાયક નથી : સુપ્રીમ કોર્ટ સહિતના સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- સ્થાનિક સમાચારોમાં , CWG 2030: અમદાવાદને આજે સત્તાવાર યજમાનીનો અધિકાર મળશે , BLOનું કામ શિક્ષકો સિવાય અન્ય કર્મચારીઓને સોંપાશે જેવા સમાચાર વાંચવા મળી રહયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .